# પોચા પોચા તારા

**– ઘનશ્યામ દેસાઈ**

એક વાર રાતના કિરાત અગાશીમા સૂતો હતો. એની બાજુમા પાળેલી બિલાડી સૂતી હતી. અધારી રાત હતી. આકાશમા તારા ચમક ચમક થતા હતા.

ઓચિતા કિરાતને બગાસુ આવ્યુ. એણે હાથ ઊંચો કર્યો અને નવાઈની વાત એ બની કે એનો હાથ ઊંચો ને ઊંચો થવા માડયો. ઊંચો થતા થતા એ આકાશને અડયો. કિરાત ખુશ ખુશ થઈ ગયો.

ગમ્મતમા એણે એક તારાને હાથ લગાવ્યો. તારો પોચો પોચો ફૂલ જેવો લાગ્યો. ફૂલ સમજી તારાને તોડયો તો હાથમા આવી ગયો. પછી તો કિરાતે ઘણા બધા તારા તોડયા. થોડાક ખિસ્સામા ભર્યા. બીજા તારા થેલીમા ભર્યા. બિલાડી પણ ખુશ ખુશ થઈ દોડવા અને કૂદવા લાગી.



એટલામા આકાશમા ગડડડ ગડડડ અવાજ આવ્યો. કિરાતે ઊંચે જોયુ તો આકાશનો માળી દોડી આવ્યો હતો. એ બૂમો પાડતો હતો : કોણે મારા તારા તોડયા ? એના દોડવાથી ગડડડ અવાજ થતો હતો. માળીએ નીચે જોયુ. કિરાતને જોયો. એ દોડીને અગાશીમા ઊતરી આવ્યો. કિરાત ગભરાઈ ગયો. બિલાડી છાનીમાની આખો મીંચી સૂઈ ગઈ.

માળીએ કહ્યુ, ''ચાલ, મારા બધા તારા પાછા આપ.'' આમ કહી માળીએ થેલીમાથી બધા તારા કાઢી લીધા.

પછી કિરાતના ખિસ્સા તપાસ્યા. એમાથી પણ તારા કાઢો લીધા. પછી આકાશમા જ્યા બધા તારા હતા ત્યા ગોઠવી દીધા અને આકાશમાથી મોટે અવાજે બૂમ મારી કહ્યુ : ''હવે જો તારા તોડયા છે ને તો આવી બન્યુ જાણજે. નીચે આવીને ખૂબ માર મારીશ.'' આમ કહી માળી દોડતો દોડતો જતો રહ્યો. ગડડડ અવાજ થયો.

માળીના ગયા પછી કિરાતે ખિસ્સામા હાથ નાખ્યો તો કશુક પોચુ લાગ્યુ. ખિસ્સાના ખૂણામા બે તારા ભરાઈ રહ્યા હતા. કિરાતે તારા બહાર કાઢયા. પછી માળી યાદ આવ્યો એટલે કિરાત ગભરાઈ ગયો.

એણે તરત જ બિલાડીની આખોમા બે તારા ગોઠવી દીધા અને બિલાડીને નીચે મોકલી દીધી. માળીને એની જરાય ખબર ન પડી. હજીયે રાતના બિલાડી ફરે છે ત્યારે એની આખોમા કિરાતે ચોડેલા બે તારા ચમક ચમક થયા કરે છે. પણ આકાશના માળીને હજી એની ખબર પડી નથી.

■